# ધોરણ-11
## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. નાવિક વળતો બોલ્યો | G1102, G1105, G1109, G1112, G1117, G1125, G1104, G1127 | G1101, G1102, G1103, G1104 દરેક પ્રકરણોમાં સમાન રહેશે. અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ સ્વાધ્યાય કાર્ય સુધારવાની જરૂર છે. |
| 2. પોસ્ટ ઑફિસ | G1102, G1104, G1105, G1109, G1110, G1111, G1116, G1117, G1127 | |
| 3. એમ ઉગાર્યો ચંદ્રહાસ | G1102, G1105, G1104, G1109, G1110, G1112, G1125 | |
| 4. અમૃતા | G1102, G1104, G1116, G1127, G1105 | |
| વ્યાકરણ અને લેખન (પ્રત્યયો) | G1106, G1124, G1126, G1120 | |
| 5. છપ્પા/ઉખાણાં | G1104, G1105, G1113, G1102 | |
| 6. સુંદરીની શોધ | G1104, G1105, G1116, G1113, G1102 | |
| 7. વનમાં ચાંદલિયો ઊગ્યો | G1102, G1104, G1123, G1115 | |
| 8. બૂરાઈના દ્વાર પરથી | G1102, G1104, G1107, G1113, G1116, G1127 | |
| વ્યાકરણ અને લેખન (શબ્દ ભંડોળ) | G1106, G1124, G1126, G1109 | |
| 9. ચક્રવાક મિથુન | G1102, G1104, G1105, G1127 | |
| 10. જીભ | G1104, G1104, G1116, G1108, G1111 | |
| 11. સીમ અને ઘર | G1102, G1104, G1110, G1116 | |
| 12. પ્રસંગદીપ | G1102, G1104, G1113, G1127 | |
| વ્યાકરણ અને લેખન (વાક્ય સજ્જતા) | G1106, G1124, G1126 | |
| 13. પરાજયની જીત | G1102, G1104, G1101, G1117, G1119, G1127 | |
| 14. વાત એક શાપની | G1102, G1104, G1105, G1110, G1127 | |
| 15. મારા કુળોનાં ઝાડવાં બે | G1102, G1104, G1103, G1105, G1113, G1127 | |

# ધોરણ-11
## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 16. તપસ્વી સારસ્વત | G1102, G1104, G1103, G1113, G1109 | |
| વ્યાકરણ લેખન<br>પરિચ્છેદન, સર્વનામ, સંયોજક, પ્રાસ | G1106, G1124, G1126 | |
| 17. ભજન કરે તે જીતે | G1102, G1104, G1105, G1109, G1127, G1116 | |
| 18. હુકમ, માલિક | G1102, G1103, G1104, G1116, G1117 | |
| 19. કાવ્યદ્વયી | G1102, G1104, G1105, G1110, G1127, G1103 | |
| 20. સ્ટેચ્યૂ રમવાની મઝા | G1102, G1104, G1105, G1127, G1110 | |
| વ્યાકરણ/લેખન<br>વિરામ ચિહ્નો, જોડાક્ષરો, જોડણી | G1106, G1124, G1126, G1120 | |
| 21. ભગવાનનો ભાગ | G1102, G1104, G1125, G1113, G1116 G1127 | |
| 22. જમાના પ્રમાણે | G1102, G1104, G1105, G1103, G1127, G1109 | |
| 23. સહી નથી | G1102, G1104, G1105, G1101 | |
| 24. રેફરન્સ બુક | G1102, G1104, G1105, G1108, G1122, G1119 | |
| 25. દુહા, મુક્તક, હાઈકુ | G1102, G1104, G1105, G1115, G1121 | |
| 26. બે દૃષ્ટાંત | G1102, G1104, G1105, G1127, G1122 | |
| વ્યાકરણ/લેખન<br>નિબંધ, અહેવાલ | G1106, G1124, G1126, G1105, G1103, G1101 | |

# ધોરણ-12
## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પત્તિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. અખિલ બ્રહ્માંડમાં | G1205, G1215, G1223, G1201 | |
| 2. ખીજડિયે ટેકરે | G1213, G1223, G1220, G1207 | |
| 3. દમયંતી સ્વયંવર | G1205, G1220 | |
| 4. સત્યાગ્રહ | G1205, G1218, G1220, G1225 | |
| પદ્ય - ગદ્ય સાહિત્ય સ્વરૂપો | G1204, G1223 | |
| 5. રામબાણ | G1219, G1223 | |
| 6. ઊછીનું માગનારાઓ | G1203, G1211, G1219, G1227 | G1201, G12202, G1203, G1204 બધાંજ પ્રકરણોમાં સમાન રહેશે. G1207, G1225 અધ્યયન નિષ્પત્તિને અનુરૂપ સ્વાધ્યાય કાર્ય સુધારવાની જરૂર છે. |
| 7. શ્યામ રંગ સમીપે | G1223, G1224, G1210 | |
| 8. અમરનાથની યાત્રાએ | G1203, G1201, G1220 | |
| શબ્દ વિષયક સજ્જતા ગુજરાતી બોલીઓ | G1228, G1220 | |
| 9. ભવના અબોલા | G1203, G1219 | |
| 10. યુધિષ્ઠિર યુદ્ધવિષાદ | G1203, G1207, G1220, G1223, G1224 G1204 | |
| 11. ઊર્મિલા | G1204, G1205, G1217, G1220 | |
| 12. સૌજન્યશીલ પ્રભાશંકર | G1219, G1222 | |
| વાક્યરચના વિષયક સજ્જતા | G1209, G1207 | |
| 13. મા'ત્માના માણસ | G1220, G1212, G1225 | |
| 14. છેલ્લું દર્શન (આસ્વાદ) | G1205, G1211 | |
| 15. જુઓ | G1207, G1211, G1214 | |
| 16. સેલ્વી પંકજમ્ | G1205, G1220 | |
| લેખન - રૂઢિ વિષયક સજ્જતા | G1206, G1221 | |

## ધોરણ-12
## વિષય : ગુજરાતી (પ્રથમ ભાષા)

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 17. પથ્થર થરથર ધ્રૂજે | G1203, G1205, G1222 | |
| 18. આંસુભીનો ઊજાસ | G1203, G1216, G1220 | |
| 19. ઈશ્વર સર્વવ્યાપી | G1205, G1213 | |
| 20. બા એકલાં જીવે... | G1210, G1220 | |
| શૈલી વિષયક સજ્જતા | G1205, G1207 | |
| 21. અનુરુદ્ધનો ગૃહત્યાગ | G1211, G1217, G1223 | |
| 22. ભાણી | G1220, G1225 | |
| 23. સમતા અને બંધુતા પથદર્શક | G1225, G1208 | |
| 24. શરત | G1205, G1219, G1220, G1216 | |
| લેખન અને રચના સ્વરૂપો | G1202, G1209, G1206 | |

# ધોરણ - 11/12 : ગુજરાતી (પ્રથમ ભાષા)

## અધ્યયન નિષ્પત્તિ

**પ્રસ્તાવના :**

ગુજરાતી ભાષા સાહિત્ય તેમજ સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ છે. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાની ખૂબ જ સારી પૃષ્ઠભૂમિ ધરાવે છે. પ્રાથમિક કક્ષાએ શ્રવણ-કથન-વાંચન- લેખન જેવાં કૌશલ્યો હસ્તગત કરીને માધ્યમિક કક્ષાએ તેમાં પ્રાવીણ્ય મેળવવાની સાથે વ્યાકરણનો પાયો મજબૂત કર્યો છે. જેથી ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ભાષા તેમજ સાહિત્યનાં વિવિધ સ્વરૂપોથી જાણકાર બને તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

ગુજરાતી ભાષા શબ્દભંડોળમાં સમૃદ્ધ છે જેથી આ કક્ષાએ અભ્યાસ કરનાર વિદ્યાર્થી પોતાની મૌખિક તેમજ લેખિત અભિવ્યક્તિમાં પ્રશિષ્ટ ભાષાનો પ્રયોગ કરવા સક્ષમ બને તેવા અનુભવો પૂરા પાડવાના થાય. અહીં નિર્દેશિત નિષ્પત્તિઓની સિદ્ધિ માટે પાઠ્યપુસ્તક એકમાત્ર સાધન નથી. વિદ્યાર્થીઓ શાળાના વિવિધ કાર્યક્રમો, પુસ્તકાલય, સામયિકો અને અન્ય સામગ્રીનો ભરપૂર ઉપયોગ કરે તે અપેક્ષિત છે.

- વર્ગખંડમાં પ્રવેશ કરતાં જ શિક્ષકનો એ ઉદ્દેશ્ય/હેતુ હોય છે કે અધ્યયન દરમિયાન એવી પ્રક્રિયા કે પદ્ધતિ અપનાવું જેમાં વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય.
- વર્ગખંડ - શિક્ષકનો પ્રવેશ - શિક્ષકનો ઉદ્દેશ - પદ્ધતિ - વિદ્યાર્થીમાં જ્ઞાન/ભાવ/કૌશલ્યોનો વિકાસ.
- શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીમાં અપેક્ષિત વર્તન, પરિવર્તન થયું છે કે નહિ તેનું સતત મૂલ્યાંકન.
- વિદ્યાર્થીમાં પ્રાપ્ત થયેલી વિશિષ્ટ યોગ્યતા.
- અધ્યયન નિષ્પત્તિ શિક્ષકને પાઠ્યક્રમ માટે અસરકારક લેશન પ્લાન બનાવવામાં મદદરૂપ બને છે. જે દ્વારા શિક્ષક પોતાનો હેતુ / ઉદ્દેશ્ય / ધ્યેય સિદ્ધ કરી શકે છે. શિક્ષકને પોતાનું શિક્ષણકાર્ય કેટલા સ્તર સુધી લઈ જવાનું છે તેનું માપન થઈ શકે છે. સામે પક્ષે વિદ્યાર્થીને પણ પોતાની દમિત શક્તિઓને / કૌશલ્યોને બહાર લાવવાનો મોકો મળે છે. તે અસરકારક શિક્ષણ લઈ શકે છે. તે પોતાને મળેલા જ્ઞાનનો ઉપયોગ માનસિક શક્તિઓની ખીલવણી, સમજનો વિકાસ, ગુણોના વિકાસ માટે કરે છે.
- નિષ્પત્તિ એ કોઈપણ વસ્તુનું પરિણામ નીપજ છે. પ્રયોગ પછી શું પ્રાપ્ત થયું તેનું પ્રતિફલ છે.
- જીવન સાથેનું શિક્ષણ, સુસંગત શિક્ષણ, વ્યક્તિના જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક વ્યક્તિત્વ પાસાઓના સમતોલ વિકાસનું લક્ષ્ય ધરાવતું શિક્ષણ એ અધ્યયન નિષ્પતિ છે.
- વિદ્યાર્થી, વાલી, વિદ્યાર્થીઓને શિક્ષણ લીધા પછી રોજી આપનારા તથા સમગ્ર સમાજની અપેક્ષાઓ સંતોષવાની વિદ્યાર્થીની ક્ષમતામાં અભિવૃદ્ધિ કરતું શિક્ષણ આપવું તે અધ્યયન નિષ્પતિ છે.
- શિક્ષણ પ્રક્રિયામાં લાંબાગાળાનું આયોજન એ અધ્યયન નિષ્પત્તિનો પ્રાણ છે.



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Gujarati_(FL)

# ધોરણ-11 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત જોડીમાં તેમજ સમૂહમાં આ મુજબની પ્રવૃત્તિઓ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.** <br>• માતૃભાષામાં સભાન બની માતૃભાષાનું મહત્ત્વ સમજે તેવું વાતાવરણ નિર્માણ કરવાની પ્રવૃત્તિઓ કરાવવી. <br>• દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો અને આધુનિક ઈન્ફર્મેશન ટૅક્નોલોજીના માધ્યમથી વૈવિધ્યસભર (SMS, e-mail, audio, video) માહિતી આપી ફાયદા અને તેની મર્યાદાઓની જાણકારી મેળવવી. <br>• સાહિત્ય અને સાહિત્યેતર સામગ્રીનું અર્થઘટન અને અર્થ ગ્રહણની અભિવ્યક્તિની તરાહો જેવી કે મૌખિક, લેખિત, દૃશ્ય-શ્રાવ્ય અને મૌન રજૂ કરાવવા. <br>• અધ્યયન સામગ્રીની શાબ્દિક રજૂઆત અને તેનો ઉપયોગ કરાવવો. <br>• વિચાર વિસ્તાર, આસ્વાદ અને સંક્ષેપ કરાવવો. <br>• વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા શબ્દ રમતો, કોયડાઓ, કોષ્ટક વગેરે તૈયાર કરાવવા. <br>• ભાષા અને લેખનનો વ્યાવહારિક ઉપયોગ તેમજ તેનો હાર્દ અને ટૂંકસાર લખાવવો. <br>• શૈક્ષણિક અભ્યાસ દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરાવવો. <br>• ઘટનાઓનું વર્ણન અને અહેવાલ, લેખિત, મૌખિક સ્વરૂપે તૈયાર કરાવવા. <br>• ભાષા પરિવર્તનોની સમજ અને બદલાતાં અર્થઘટનોની સમજ મેળવવી. <br>• શૈક્ષણિક માહિતીમાં તાર્કિક અને કાર્યકારણ સંબંધોની સમજ મેળવવી. <br>• શૈક્ષણિ પ્રવૃત્તિઓ દ્વારા જીવનમૂલ્યોને આત્મસાત કરાવવાં. <br>• સર્જનાત્મક અભિવ્યક્તિની વિવિધ તરાહ (કવિતા, વાર્તા, ટૂચકા વગેરે)ની સમજ આપવી. | G1101 | જાહેર સામાજિક સંપર્કની વેબ (e-mail, sms) વગેરે દ્વારા વિવિધ સાહિત્યિક સામગ્રી મેળવે છે. તેમાં વપરાયેલી ભાષાને સમજે છે તેમજ પોતે જરૂર મુજબ વ્યવહારમાં ઉપયોગ કરે છે. |
| | G1102 | સાહિત્ય અને સાહિત્યેતર સામગ્રીમાંથી પોતાની સમજ પ્રમાણે અનુમાન, અર્થઘટન, અર્થગ્રહણ વાંચી સમજી મૌખિક તેમજ લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે. |
| | G1103 | વિવિધ રીતોમાં અભિનય દ્વારા, નિબંધ, પત્રવ્યવહાર જેવી પ્રવૃત્તિઓમાં તેમજ કૃતિઓની સમીક્ષામાં પોતાના મૌલિક વિચારો, મંતવ્યો, તારણો રજૂ કરે છે. |
| | G1104 | વિવિધ સાહિત્યસ્વરૂપોનું પાઠ્યપુસ્તક તેમજ સામયિકો અને પુસ્તકો દ્વારા અધ્યયન કરે છે. તેમજ તેમાં સમાવિષ્ટ વિચારોને તેમજ સાહિત્ય વિષયક વિશેષતાઓને પોતાના શબ્દોમાં રજૂ કરે છે. |
| | G1105 | અભ્યાસેતર જીવન ચિંતન કણિકા, બોધદાયક વિચાર, ગદ્ય-પદ્ય વાંચે છે, પઠન કરે છે અને મૌલિક સમજ કેળવી અનુરૂપ લખાણનો વિસ્તાર કરશે. |
| | G1106 | વિવિધ શબ્દ રમતો, શબ્દ કોયડાઓ, કોષ્ટક, શબ્દભેદ-અર્થભેદ વગેરે પ્રવૃત્તિઓ કરશે. |
| | G1107 | ઉચ્ચાર શુદ્ધિ અને લેખન શુદ્ધિ દ્વારા મૌલિક અર્થઘટન કરી વ્યાવહારિક ઉપયોગ કરશે. |
| | G1108 | ઔપચારિક અને અનૌપચારિક લેખનનો હાર્દ સાર સમજી ઉપયોગ કરશે. |
| | G1109 | અભ્યાસમાં આવતા સમાનાર્થી, વિરૂદ્ધ અર્થ દર્શાવતા શબ્દો, જોડણીભેદથી થતા અર્થભેદ વગેરે જાણી શકે છે. ઓળખીને વ્યવહારમાં ઉપયોગ કરશે. |
| | G1110 | પોતે અનુભવેલી, જોયેલી, જાણેલી કે કલ્પના કરેલી ઘટનાઓ બાબતનું સંક્ષિપ્ત વર્ણન કરી શકે છે, લખી શકે છે અને તેને અહેવાલનું સ્વરૂપ આપી શકે છે. |

# ધોરણ-11 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
| --- | --- | --- |
| • હસ્તલિખિત અંક અને વિચારપોથી તૈયાર કરાવવાં.<br>• વિવિધ સાહિત્યિક સંસ્થાઓ અને તેની પ્રવૃત્તિઓ-કામગીરીનો પરિચય આપવો.<br>• ઈ-કૉમ્યૂનિકેશનનો ઉપયોગ કરી શોર્ટ ફિલ્મ તૈયાર કરાવવી.<br>• અન્ય ભાષાની સાહિત્યકૃતિઓનો તુલનાત્મક અભ્યાસ કરાવવો.<br>• સાહિત્યનું વિવેચન, વિશ્લેષણ, પરામર્શન, સમીક્ષા અને સાર લખાવવો.<br>• ભાષા સાહિત્યમાં જોડાક્ષરો, દ્વિરુક્ત શબ્દપ્રયોગો અને તેનો ઉપયોગ કરાવવો.<br>• ભીંતપત્રો, નોટિસબોર્ડ, ચોપાનિયાં, જાહેરખબર, સ્લોગન, સૂત્રો તૈયાર કરાવવાં.<br>• વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રોજેક્ટ, ચાર્ટ વગેરે તૈયાર કરાવવા.<br>• વિવિધ ઉજવણીઓ (ઉત્સવો, પર્વો, વિશેષ દિન વગેરે)માં સહભાગી કરવા.<br>• વ્યાવહારિક વ્યાકરણનો (રૂઢિપ્રયોગ, કહેવત, વિરામ ચિહ્નો, સંયોજકો, સર્વનામ વગેરે)નો ઉપયોગ કરાવવો.<br>• શૈક્ષણિક માહિતીને કાર્યકારણ સંબંધથી જોડી તર્કયુક્ત રીતે રજૂ કરાવવી.<br>• શૈક્ષણિક અભ્યાસ દ્વારા શબ્દકોશનો ઉપયોગ કરાવવો.<br>• શૈક્ષણિક અભ્યાસ દ્વારા સ્વાવલંબી, આત્મનિર્ભર બનાવવા તથા અસરકારક માનવ સંબંધો અને જીવનમૂલ્યોનું પ્રગટીકરણ કરાવવું. | G1111 | ભાષા વિષયક શૈલી અને થતાં પરિવર્તનોથી બદલાતાં અર્થઘટનો સમજે છે અને ઉપયોગ કરે છે. |
| | G1112 | કોઈપણ પ્રકારની મળેલ માહિતીને કાર્યકારણ સંબંધથી જોડી તર્કયુક્ત રીતે વિચારો રજૂ કરે છે. |
| | G1113 | સહભાગીદારી પ્રવૃત્તિઓથી વર્તન વ્યવહારમાં જીવનમૂલ્યોને આત્મસાત કરે છે તેમજ વ્યાવહારિક ઉપયોગ કરી પ્રકટીકરણ કરે છે. |
| | G1114 | સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગદ્ય-પદ્યનું મૌલિક સર્જન રજૂ કરી તેમાં પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરે છે. |
| | G1115 | હસ્તલિખિત અંક તથા સુવિચારો માટે વિચારપોથી તૈયાર કરે છે. |
| | G1116 | સાહિત્યિક સંસ્થાઓ, સામયિકો, એવોર્ડ વગેરે કામગીરી જાણે છે અને સમજે છે. |
| | G1117 | ઈ-કૉમ્યૂનિકેશન દ્વારા ચિત્ર સંયોજન કરી શોર્ટ ફિલ્મ, પ્રસંગ, નાટ્ય ખંડ, સંવાદ વગેરેની રજૂઆત માટેની સ્ક્રિપ્ટ (રૂપરેખા) તૈયાર કરે છે. |
| | G1118 | અન્ય ભાષાઓની સાહિત્યકૃતિઓ મેળવી તુલનાત્મક અભિગમ કેળવી શકે છે. |
| | G1119 | જ્ઞાત અને અજ્ઞાત બાબતોનું વિવેચન, વિશ્લેષણ અને પરામર્શન કરી પુસ્તક સમીક્ષા અને સાર લખી શકે છે તેમજ આત્મસાત કરી સંવેદના અનુભવી મૌખિક કે લેખિત સ્વરૂપમાં ભાવ પ્રગટીકરણ કરે છે. |
| | G1120 | ભાષા સાહિત્યમાં જોડાક્ષરો અને દ્વિરુક્ત શબ્દ પ્રયોગોનું મહત્ત્વ સમજી શકે છે અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. |
| | G1121 | ભીંતપત્રો, નોટિસબોર્ડ, ચોપાનિયાં, જાહેરખબર, સ્લોગન, સૂત્રો તૈયાર કરે છે અને વ્યવહારુ ઉપયોગ કરે છે. |
| | G1122 | વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંતર્ગત પ્રૉજેક્ટ, ચાર્ટ વગેરે તૈયાર કરે છે. |
| | G1123 | જાહેર જીવનમાં સામાજિક સંદર્ભે મેળા, ઉત્સવો, પર્વો અને વિશેષ દિનની ઉજવણીમાં સહભાગી થાય છે. |

# ધોરણ-11 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| | G1124 | વ્યાવહારિક વ્યાકરણ (રૂઢિપ્રયોગ, કહેવત, વિરામ ચિહ્નો, સંયોજકો, સર્વનામ વગેરે)નો ઉચિત ઉપયોગ કરે છે. |
| | G1125 | વાંચેલી, સેંભળેલી માહિતીને કાર્યકારણ સંબંધથી જોડી 'શું છે ?', 'કેમ ?', 'અરે!', 'ઓહો !' જેવા પ્રશ્નો અને આશ્ચર્ય વ્યકત કરી તર્કયુક્ત દલીલબાજી શીખે છે અને સમજપૂર્વક ઉપયોગ કરે છે. |
| | G1126 | આશરે ૮૦૦૦ હજાર જેટલા શબ્દો જાણે છે, સમજે છે અને શબ્દકોશનો ઉપયોગ કરે છે. |
| | G1127 | વિવિધ સાહિત્ય કૃતિઓ, જાહેર માધ્યમો તેમજ વિચારોની આપ-લે દ્વારા માનવીય સંબંધોમાં હકારાત્મક અભિગમ, વિવેક, રાષ્ટ્રીયતા, સંવેદના, સમાનુભૂતિ રાષ્ટ્રીય એકતા જેવા વ્યક્તિગત સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યો જીવનમાં ઉતારે છે. |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-11,12_Gujarati_(FL)

# ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| **વિદ્યાર્થીઓને વ્યક્તિગત જોડીમાં તેમજ સમૂહમાં આ મુજબની પ્રવૃત્તિઓ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.**<br>● માતૃભાષામાં સભાન બની માતૃભાષાનું મહત્ત્વ સમજે તેવું વાતાવરણ નિર્માણ કરવાની પ્રવૃત્તિઓ કરાવવી.<br>● દશ્ય-શ્રાવ્ય માધ્યમો અને આધુનિક ઈન્ફર્મેશન ટૅક્નોલોજીના માધ્યમથી વૈવિધ્યસભર (SMS, e-mail audio, video) માહિતી આપી ફાયદા અને તેની મર્યાદાઓની જાણકારી મેળવવા.<br>● સાહિત્ય અને સાહિત્યેતર સામગ્રીનું અર્થઘટન અને અર્થગ્રહણની અભિવ્યક્તિની તરાહો જેવી કે મૌખિક, લેખિત, દશ્ય-શ્રાવ્ય અને મૌન રજૂ કરાવવા.<br>● અધ્યયન સામગ્રીની શાબ્દિક રજૂઆત કરે તેવો પ્રયત્ન કરાવવો.<br>● વિચારવિસ્તાર, આસ્વાદ, અરજીલેખન, સંક્ષેપ, વાદાત્મક, ભાવાત્મક ગદ્ય કરાવવા.<br>● વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા શબ્દ રમતો, કોયડાઓ, કોષ્ટક વગેરે તૈયાર કરાવવા.<br>● ભાષા અને લેખનનો વ્યાવહારિક ઉપયોગ તેમજ તેનો હાર્દ અને ટૂંકસાર લખાવવો.<br>● શૈક્ષણિક અભ્યાસ દ્વારા વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરાવવો.<br>● સમસ્યાઓનું વર્ણન અને તેની લેખિત, મૌખિક માહિતી તૈયાર કરાવવી.<br>● ભાષા પરિવર્તનોની સમજ અને બદલાતાં અર્થઘટનોથી સમજ આપવી.<br>● શૈક્ષણિક માહિતીમાં તાર્કિક અને કાર્યકારણ સંબંધોની સમજ મેળવવી. (વિચારવિકાસ ક્રમ)<br>● શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા જીવનમૂલ્યોને આત્મસાત કરાવવાં. | G1201 | જાહેર સામાજિક સંપર્કની વેબ (e-mail, sms) વગેરે દ્વારા વિવિધ સાહિત્યિક સામગ્રી મેળવે છે. તેમાં વપરાયેલી ભાષાને સમજે છે તેમજ પોતે જરૂર મુજબ વ્યવહારમાં ઉપયોગ કરે છે. |
| | G1202 | સાહિત્ય અને સાહિત્યેતર સામગ્રીમાંથી પોતાની સમજ પ્રમાણે અનુમાન, અર્થઘટન, અર્થગ્રહણ વાંચી સમજી મૌખિક તેમજ લેખિત સ્વરૂપમાં રજૂ કરે છે. |
| | G1203 | વિવિધ રીતોમાં અભિનય દ્વારા નિબંધ, પત્રવ્યવહાર જેવી પ્રવૃત્તિઓમાં તેમજ કૃતિઓની સમીક્ષામાં પોતાના મૌલિક વિચારો, મંતવ્યો, અભિપ્રાયો, તારણો રજૂ કરે છે. |
| | G1204 | વિવિધ સાહિત્યસ્વરૂપોનું પાઠ્યપુસ્તક તેમજ સામયિકો અને પુસ્તકો દ્વારા અધ્યયન કરે છે. તેમજ તેમાં સમાવિષ્ટ વિચારોને અને સાહિત્ય વિષયક વિશેષતાઓને પોતાના શબ્દોમાં રજૂ કરે છે. |
| | G1205 | અભ્યાસેતર જીવન ચિંતન કણિકા, બોધદાયક વિચાર ગદ્ય-પદ્ય વાંચે છે-પઠન કરે છે. અરજી, વાદાત્મક અને ભાવાત્મક ગદ્યની સમજ કેળવી અનુરૂપ લખાણ તૈયાર કરશે. |
| | G1206 | વિવિધ શબ્દ રમતો, શબ્દ કોયડાઓ, કોષ્ટક, શબ્દભેદ-અર્થભેદ વગેરે પ્રવૃત્તિઓ કરશે. |
| | G1207 | ઉચ્ચાર શુદ્ધિ અને લેખન શુદ્ધિ દ્વારા મૌલિક અર્થઘટન કરી વ્યવહારિક ઉપયોગ કરશે. |
| | G1208 | ઔપચારિક અને અનૌપચારિક લેખનનો હાર્દ સમજી લેખન કાર્ય કરશે. |
| | G1209 | અભ્યાસમાં આવતા સમાનાર્થી, વિરૂદ્ધ અર્થ દર્શાવતા શબ્દો, જોડણીભેદથી થતા અર્થભેદો તેને જાણી શકે છે. ઓળખીને વ્યવહારમાં ઉપયોગ કરશે. |
| | G1210 | પોતે અનુભવેલી, જોયેલી, જાણેલી કે કલ્પના કરેલી ઘટનાઓ, બાબતોનું સંક્ષિપ્ત વર્ણન કરી શકે છે, લખી શકે છે અને તેને ગદ્ય, પદ્યનું સ્વરૂપ આપી શકે છે. |
| | G1211 | ભાષા વિષયક શૈલી અને થતાં પરિવર્તનોથી |

# ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| ● સર્જનાત્મક અભિવ્યક્તિની વિવિધ તરાહ કવિતા, વાર્તા, ટૂચકા વગેરે)ની સમજ આપવી. | | બદલાતાં અર્થઘટનો સમજે છે અને ઉપયોગ કરે છે. |
| ● હસ્તલિખિત અંક અને વિચારપોથી તૈયાર કરાવવી. | G1212 | કોઈપણ પ્રકારની મળેલ માહિતીને કાર્યકારણ સંબંધથી જોડી તર્કયુક્ત રીતે વિચારોની વિચાર-વિકાસ ક્રમમાં રજૂ કરે છે. |
| ● વિવિધ સાહિત્યિક સંસ્થાઓ અને તેની વિવિધ પ્રવૃત્તિઓની કામગીરીનો પરિચય આપવો. | G1213 | સહભાગીદારી પ્રવૃત્તિઓથી વર્તન વ્યવહારમાં જીવન-મૂલ્યને આત્મસાત કરે છે તેમજ વ્યાવહારિક ઉપયોગ કરી પ્રકટીકરણ કરે છે. |
| ● ઈ-કૉમ્યૂનિકેશનનો ઉપયોગ કરી શોર્ટ ફિલ્મ, નાટ્ય ખંડ, સંવાદની સ્ક્રિપ્ટ તૈયાર કરાવવી. | G1214 | સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ગદ્ય-પદ્યનું સર્જન રજૂ કરી તેમાં પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરે છે. |
| ● અન્ય ભાષાની સાહિત્ય કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ કરાવવો. | G1215 | હસ્તલિખિત અંક તથા સુવિચારો માટે વિચારપોથી તૈયાર કરે છે. |
| ● સાહિત્યનું વિવેચન, વિશ્લેષણ, પરામર્શન, સમીક્ષા અને સાર તૈયાર કરાવવો. | G1216 | સાહિત્યિક સંસ્થાઓ, સામાયિકો, ઍવોર્ડ વગેરે કામગીરી જાણે છે - સમજે છે. |
| ● શૈક્ષણિક અભ્યાસ દ્વારા અસરકારક માનવ સંબંધો અને જીવન મૂલ્યોનું પ્રગટીકરણ થાય તેવા પ્રયત્નો કરાવવા. | G1217 | ઈ-ક્મ્યૂનિકેશન દ્વારા ચિત્ર સંયોજન કરી શોર્ટ ફિલ્મ, પ્રસંગ, નાટ્ય ખંડ, સંવાદ વગેરેની રજૂઆત માટેની સ્ક્રિષ્ટ (રૂપરેખા) તૈયાર કરે છે. |
| ● ભાષા સાહિત્યમાં જોડાક્ષરો, દ્વિરુક્ત શબ્દ પ્રયોગો અને તેનો ઉપયોગ કરાવવો. | G1218 | અન્ય ભાષાઓની સાહિત્યકૃતિઓ મેળવી તુલનાત્મક અભિગમ કેળવી શકે છે. |
| ● ભીંતપત્રો, નોટિસબોર્ડ, ચોપાનિયાં, જાહેરખબર, સ્લોગન, સૂત્રો તૈયાર કરાવવાં. | G1219 | જ્ઞાત અને અજ્ઞાત બાબતોનું વિવેચન, વિશ્લેષણ અને પરામર્શ કરી પુસ્તક સમીક્ષા અને સાર લખી શકે છે તેમજ આત્મસાત કરી સંવેદના અનુભવી મૌખિક કે લેખિત સ્વરૂપમાં ભાવ પ્રગટીકરણ કરે છે. |
| ● વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા પ્રોજેક્ટ, ચાર્ટ વગેરે તૈયાર કરાવવા. | G1220 | વિવિધ સાહિત્ય કૃતિઓ, જાહેર માધ્યમો તેમજ વિચારોની આપ-લે દ્વારા માનવીય સંબંધોમાં હકારાત્મક અભિગમ, વિવેક, રાષ્ટ્રીયતા, સંવેદના, સમાનુભૂતિ, રાષ્ટ્રીય એકતા જેવા વ્યક્તિગત, સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યો જીવનમાં ઉતારે છે. |
| ● વિવિધ ઉજવણીઓ (ઉત્સવો, પર્વો, વિશેષ દિન વગેરે)માં સહભાગી કરવા. | G1221 | ભાષા સાહિત્યમાં જોડાક્ષરો અને દ્વિરુક્ત શબ્દ પ્રયોગોનું મહત્ત્વ સમજી શકે છે અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરી શકે છે. |
| ● શૈક્ષણિક અભ્યાસથી સ્વાવલંબી, આત્મનિર્ભર અને સ્વયંસેવક બનાવવા. | G1222 | ભીંતપત્રો, નોટિસબોર્ડ, ચોપાનિયાં, જાહેરખબર, સ્લોગન, સૂત્રો તૈયાર કરી શકે છે અને વ્યવહારુ ઉપયોગ કરે છે. |
| ● વ્યાવહારિક વ્યાકરણનો (રૂઢિપ્રયોગ, કહેવત, વિરામ ચિહ્નો, સંયોજકો, સર્વનામ, પ્રત્યયો અને પદક્રમ, વાક્ય પ્રકારો) ઉપયોગ કરાવવો. | | |
| ● શૈક્ષણિક માહિતીને કાર્યકારણ સંબંધથી જોડતાં અને તર્કયુક્ત રીતે રજૂ કરતાં શીખવવો. | | |
| ● શૈક્ષણિક અભ્યાસ દ્વારા શબ્દકોશનો ઉપયોગ કરાવવો. | | |

## ધોરણ-12 : ગુજરાતી (પ્રથમ ભાષા)

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| | G1223 | વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંતર્ગત પ્રૉજેક્ટ, ચાર્ટ વગેરે તૈયાર કરે છે. |
| | G1224 | જાહેર જીવનમાં સામાજિક સંદર્ભે મેળા, ઉત્સવો, પર્વો અને વિશેષ દિનની ઉજવણીમાં સહભાગી થાય છે. |
| | G1225 | શૈક્ષણિક અભ્યાસથી દૃષ્ટિકોણ કેળવી સેવા કરવાનો પ્રયત્ન કરશે. |
| | G1226 | વ્યાવહારિક વ્યાકરણનો ઉચિત ઉપયોગ કરે છે. જેવા કે (રૂઢિપ્રયોગ, કહેવત, વિરામ ચિહ્નો, પ્રત્યયો, સંયોજકો વગેરે) |
| | G1227 | વાંચેલી, સાંભળેલી માહિતીને કાર્યકારણ સંબંધથી જોડશે. શું છે ?, કેમ ?, અરે! ઓહો ! જેવા પ્રશ્નો અને આશ્ચર્ય વ્યક્ત કરી તર્કયુક્ત દલીલબાજી શીખે છે અને ઉપયોગ કરે છે. |
| | G1228 | આશરે 9000 (નવ હજાર જેટલા શબ્દો જાણે છે, સમજે છે અને શબ્દકોશનો ઉપયોગ કરે છે.) |